







# મ્યુઝિકલ અને લેઝર શો સાથે એશિયાડની વિદાય

**ગોલ્ડ** મેડલિસ્ટ શૂટર નીરુ ઢાંડાના નેતૃત્વમાં ભારતીય દળે ત્રિરંગો લહેરાવ્યો

16 દિવસના સંગ્રામમાં 50 વર્લ્ડ રેકોર્ડ સર્જાયા

OCA ફ્લેગ 2030ના યજમાન કતારને સોંપાયો

નાગોયા, તા. 4 (પીટીઆઈ): જાપાનની આકર્ષક સંસ્કૃતિ, મહેમાનગતિ અને ઝગમગતી લેઝર લાઇટના ભવ્ય શો સાથે રવિવારે મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે આઈચી-નાગોયા એશિયન ગેમ્સનું યાદગાર સમાપન થયું હતું. જેમાં ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાએ સત્તાવાર રીતે મશાલ (બેટન) દોહાને સોંપી હતી, જે 2030ની એશિયન ગેમ્સની યજમાની કરશે. 16 દિવસ સુધી ચાલેલા આ મહાકુંભમાં 50થી વધુ વર્લ્ડ રેકોર્ડ સહિત 350થી વધુ નવા રેકોર્ડ સર્જાયા હતા.

જાપાનના ક્રાઉન પ્રિન્સ અને ક્રાઉન પ્રિન્સેસ એકિશિનો તેમજ ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (OCA)ના પ્રમુખ શેખ જોઆન બિન હમાદ અલ થાનીની વિશેષ ઉપસ્થિતિમાં રમત ઉત્સવને સત્તાવાર રીતે સમાપ્ત જાહેર કરાયો હતો. આ સમારોહનું મુખ્ય આકર્ષણ સ્ટેડિયમની મધ્યમાં બનાવેલું 'વન એશિયા' થીમ પર આધારિત ષટ્કોણ સ્ટેજ હતું, જેને જાપાનીઝ ફાનસોથી શણગારવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નાગોયા સ્કૂલ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાકારોએ ચેરી બ્લોસમથી સજ્જ વસ્ત્રો પહેરીને શાનદાર પ્રસ્તુતિ આપી હતી. જાપાનના વિખ્યાત લોકનૃત્ય 'બોન-ઓદોરી' અને લોકપ્રિય 'માત્સુકન સાંબા II' પર કલાકારોએ સમગ્ર સ્ટેડિયમ ઝૂમી ઉઠે તેવું પરફોર્મન્સ આપીને જાપાનીઝ સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. અંતમાં એશિયન ગેમ્સ દરમિયાન બનેલા કેટલાંક સ્મરણીય દ્રશ્યો પણ મોટી સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યા હતા. ભારતીય દળનું નેતૃત્વ 2 ગોલ્ડ અને 1 સિલ્વર જીતનાર શૂટર નીરુ ઢાંડાએ ધ્વજવાહક તરીકે કર્યું હતું. ભારત તરફથી અંદાજે 30 ખેલાડીઓ અને ઓફિશિયલ્સે ત્રિરંગા સાથે 'એથ્લેટ્સ પરેડ'માં ભાગ લીધો હતો. ભારતે 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ સાથે કુલ 85 મેડલ મેળવીને ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું.

સમાપન વખતે ઓસીએ (OCA) ફ્લેગ 2030માં રમાનારી આગામી એશિયન ગેમ્સના યજમાન કતારને સોંપવામાં આવ્યો હતો. કતારના ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન મુતાઝ બાશિમે ઓસીએ ફ્લેગ લીધો હતો ત્યારબાદ કતારના ઘોડેસવાર જાસિમ અલ કુવારી ઘોડા પર સવાર થઈને સ્ટેડિયમમાં દાખલ થયો હતો અને બાશિમ પાસેથી ફ્લેગ લઈને સેન્ટર સ્ટેજને ફરતે અમુક ચક્કર લગાવીને બહાર જતો રહ્યો હતો, તેના ઘોડેસવારીના અદભુત પ્રદર્શનથી દર્શકો મંત્રમુગ્ધ થયા હતા.

## જોકોવિચની ઝવેરેવ સામે રોમાંચક જીત, રાફેલ નડાલનો રેકોર્ડ તોડ્યો



બીજિંગ, તા. 4 (એપી): નોવાક જોકોવિચે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરીને અલેક્ઝાન્ડર ઝવેરેવને 4-6, 6-4, 6-4થી હરાવીને ચાઈના ઓપનની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ જીત સાથે જ બીજિંગમાં જોકોવિચનો વિજય રથ 32-0 પર પહોંચી ગયો છે. તેણે કોઈ એક ટુર્નામેન્ટમાં સતત સૌથી વધુ મેચ જીતવાનો રાફેલ નડાલનો 31 મેચનો રેકોર્ડ તોડી નાખ્યો છે. નડાલે ફ્રેન્ચ ઓપનમાં સતત 31 મેચ જીતી હતી.

જર્મન સીડેડ ખેલાડી ઝવેરેવે પ્રથમ સેટ જીતીને જોકોવિચ પર દબાણ બનાવ્યું હતું, પરંતુ 39 વર્ષીય સર્બિયન સ્ટારે તેના અનુભવનો ઉપયોગ કરીને આગામી બંને સેટ 6-4, 6-4થી પોતાના નામે કર્યા હતા. 2015 પછી પ્રથમ વખત બીજિંગ પરત ફરેલા છ વખતના ચેમ્પિયન જોકોવિચે ક્વાર્ટર ફાઈનલમાં જીત મેળવીને ઓપન એરામાં એક જ ટુર્નામેન્ટમાં સતત 32 જીત સાથે નવો ઈતિહાસ રચ્યો છે.

## એશિયન ગેમ્સમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચોએ વ્યુઅરશિપના રેકોર્ડ તોડ્યા

નાગોયા, તા. 4 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી પુરુષ ક્રિકેટ ફાઈનલ અને હોકી સેમિફાઈનલ મેચો એશિયન ગેમ્સના ઈતિહાસમાં સૌથી વધુ જોવાયેલી મેચો બની ગઈ છે. આ વખતે 212 એશિયન ગેમ્સ રેકોર્ડ અને 54 વર્લ્ડ રેકોર્ડ તૂટ્યા છે, જે દર્શાવે છે કે એથ્લેટ્સને શ્રેષ્ઠ વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ ગેમ્સ દ્વારા OCAની માર્કેટિંગ કમાણીમાં હાંગઝોઉ ગેમ્સની સરખામણીએ 19 ટકાનો વધારો થયો છે.OCA એ સ્પષ્ટતા કરી હતી કે વિશાળ 'એથ્લેટ્સ વિલેજ' બનાવ્યા વગર યોજાયેલું આ એક સફળ અને આર્થિક રીતે ટકાઉ મોડેલ હતું.



## ચાઈના ઓપનમાં સબાલેન્કા અપસેટનો શિકાર બની

ઝબીજિંગ, તા.4 (એપી): દુનિયાની 10/4/2026 9:17:40 PMબીજા ક્રમની ટેનિસ ખેલાડી અને ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન આર્યના સબાલેન્કાને ચીપનના ત્રીજા રાઉન્ડમાં ચેક રિપબ્લિકની નિકોલા બાર્તુન્કોવા સામે સીધા સેટોમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. વિશ્વ રેન્કિંગમાં 34th ક્રમાંક ધરાવતી બાર્તુન્કોવાએ માત્ર દોઢ કલાકથી વધુ સમય ચાલેલી મેચમાં આર્યનાને 6-4, 6-3થી હરાવીને મોટી જીત મેળવી હતી. આ સાથે જ બીજિંગમાં યોજાઈ રહેલી આ WTA-1000 ટુર્નામેન્ટના પ્રથમ સપ્તાહમાં જ ટોચના બંને સીડેડ ખેલાડીઓ બહાર થઈ ગયા છે. વિશ્વની નંબર 1 ખેલાડી એલેના રિબાકીના શનિવારે જ બહાર થઈ ગઈ હતી. 28 વર્ષીય બેલારુસિયન ખેલાડી આર્યના ચાઈના ઓપનમાં ક્યારેય ક્વોર્ટર ફાઈનલથી આગળ વધી શકી નથી.

## ભારતે ચોથું સ્થાન જાળવી રાખ્યું, એશિયન ગેમ્સથી 2036ના રોડમેપ માટે મળ્યો પાઠ

**દાવેદાર** હોવું અને ફિનિશિંગ લાઇનમાં વિજેતા બનવું તે બે વચ્ચે મોટો તફાવત છે

**રમતવીરોની** ઈજા અને ફિટનેસ મેનેજમેન્ટ ભારત માટે મોટો પડકાર




### 2036 ઓલિમ્પિક્સના લક્ષ્યાંક માટે શીખ

ભારતના મેડલ ઘટવાનું મુખ્ય કારણ બે મુખ્ય આધારસ્તંભો–શૂટિંગ અને એથ્લેટિક્સનું નબળું પ્રદર્શન રહ્યું. શૂટિંગમાં માત્ર 3 ગોલ્ડ સાથે 15 મેડલ મળ્યા (હાંગઝોઉમાં 22 મેડલ હતા). મનૂ ભાકર અને મહિલા 10 મીટર એર પિસ્તોલ ટીમ નિષ્ફળ રહી, જોકે નીરુ ઢાંડાએ ટ્રેપ શૂટિંગમાં 2 ગોલ્ડ અને 1 સિલ્વર જીતી ભારતની લાજ રાખી હતી. દબાણના સમયે અને ચાઇના-કોરિયા જેવા હરીફો સામે ભારતીય શૂટર્સનું માનસિક રીતે નબળા પડવું એ 2036 ઓલિમ્પિક્સ પહેલા સ્પોર્ટ્સ મનોવિજ્ઞાન અને પ્રેશર મેનેજમેન્ટ સુધારવાની જરૂરિયાત દર્શાવે છે. એથ્લેટિક્સમાં પણ નીરજ ચોપરાની ઈજા, તજિંદરપાલ સિંઘ તૂર અને મુરલી શ્રીશંકરની ગોલ્ડ ચૂકવી દેવાની સ્થિતિ એ સાબિત કરે છે કે દાવેદાર હોવું અને ફિનિશિંગ લાઇનમાં વિજેતા બનવું તે બે વચ્ચે મોટો તફાવત છે. રમતવીરોની ઈજા અને ફિટનેસ મેનેજમેન્ટ ભારત માટે મોટો પડકાર છે.

નાગોયા, તા. 4 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભારતે 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ સાથે કુલ 85 મેડલ મેળવીને ચોથું સ્થાન જાળવી રાખ્યું છે. જોકે, હાંગઝોઉના 106 મેડલના રેકોર્ડની સરખામણીએ આ વખતે 21 મેડલ ઓછા મળ્યા છે.

2036 ઓલિમ્પિક્સ સુધીમાં વિશ્વના ટોપ-10 રમત દેશોમાં સ્થાન મેળવવાના અને 2047 સુધીમાં ટોપ-5માં પહોંચવાના ભારતના લક્ષ્યાંક માટે આ આંકડા એક મહત્વપૂર્ણ પાઠ સમાન છે. આ ગેમ્સ દર્શાવે છે કે માત્ર એક ભવ્ય સફળતા મેળવવી પૂરતી નથી, પરંતુ પ્રદર્શનમાં સતત જાળવણી કરવી વધુ કઠિન છે. ચીને 169 ગોલ્ડ સહિત 341 મેડલ સાથે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. જાપાન 83 ગોલ્ડ (કુલ 269) સાથે બીજા અને દક્ષિણ કોરિયા 39 ગોલ્ડ (કુલ 150) સાથે ત્રીજા સ્થાને રહ્યું. ભારત ચોથા ક્રમે રહીને એશિયાના અગ્રણી દેશોમાં ટકી રહ્યું છે, પરંતુ ટોચના ત્રણ દેશો અને ભારત વચ્ચેનો તફાવત હજુ પણ ઘણો મોટો છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | ૫ | ૮ | | | | |
| | ૬ | ૩ | ૧ | ૪ | ૭ | | | |
| | ૫ | | ૬ | ૯ | ૨ | | ૭ | |
| | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | | | |
| ૭ | | ૪ | ૯ | ૬ | | ૮ | ૫ | |
| ૩ | ૮ | | ૭ | ૨ | ૪ | ૬ | | |
| | | ૨ | ૪ | | | ૧ | ૮ | |
| | ૪ | ૮ | ૨ | | ૯ | ૫ | ૩ | ૭ |
| ૧ | | ૭ | ૩ | | | ૨ | ૬ | ૪ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કૃમિ : વિડંગારિષ્ટ

બે થી ચાર ચમચી, પાણી ભેળવી, સવાર સાંજ પીવું.

## શબ્દગુંફન - ૭૨૬૧

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ગણેશ, લંબોદર (૪)
૪. અધિકાર (૨)
૬. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૮. શ્વાસ (૨)
૯. પતિ (૨)
૧૧. કૃષ્ણપક્ષનું (૨)
૧૨. અણસમજ (૩)
૧૩. ભાષા, બોલી (૩)
૧૪. આદર, સન્માન (૨)
૧૫. આપનાર (૨)
૧૬. ટેવ, વ્યસન (૨)
૧૭. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૧૮. જંગલ (૨)
૧૯. ઘોડો (૨)
૨૦. શ્રીરામનો ભાઈ (૩)
૨૨. રાજાના રહેવાનું સ્થળ (૩)
૨૪. ટેક, આબરૂ (૨)
૨૫. રોકડું (૩)
૨૬. દુનિયા, વિશ્વ (૨)
૨૭. લડાઈનું હથિયાર (૨)
૨૮. કાગળના ટુકડા (૪)
૩૦. નિવારણ કરનાર (૪)
૩૨. હાથી (૨)
૩૩. પ્રતિજ્ઞા (૨)

**ઊભી ચાવી**

૧. મોટાઈ, વજન, ભાર (૩)
૨. પુત્રી (૨)
૩. સોનું (૨)
૫. યોગ્ય કિંમત કરનાર (૫)
૬. નકામું, બાદ કરેલું (૨)
૭. લગની (૩)
૧૦. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૧૧. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૪. ગાગર ખખડાવીને કથા કહેનાર (૪)
૧૬. અંકુશ (૩)
૧૮. જમીનદાર (૫)
૧૯. ફણગાવેલાં કઠોળ (૨)
૨૧. વગાડવું તે (૩)
૨૩. નવાઈ (૩)
૨૪. વજન, આબરૂ (૨)
૨૬. આદમી (૨)
૨૭. સાબિત કરનાર, સાક્ષી (૨)
૨૮. વાનર, વાંદરું (૨)
૨૯. મનોહર, સુંદર (૨)
૩૦. પોતાનું (૨)
૩૧. પ્યાલો (૨)

## બ્રાઝિલના વિજય બાદ કોચ કાર્લોએ ભારતીય ટીમ બ્લુ ટાઈગર્સના વખાણ કર્યા

કોલકાતા, તા. 4 (પીટીઆઈ): સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે રમાયેલી ઐતિહાસિક ફ્રેન્ડલી મેચમાં બ્રાઝિલ સામે 0-4થી હારવા છતાં, બ્રાઝિલના હેડ કોચ કાર્લો એન્સેલોટીએ ભારતીય ફૂટબોલ ટીમ (બ્લુ ટાઈગર્સ)ના ડિફેન્સ અને કાઉન્ટર-એટેકના આયોજનબદ્ધ પ્રયાસોની પ્રશંસા કરી હતી. પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન બ્રાઝિલની ટીમ સામે ભારતે પ્રથમ 25 મિનિટ સુધી મજબૂત ડિફેન્સ જાળવી રાખ્યું હતું. મેચ બાદ 67 વર્ષીય દિગ્ગજ કોચે કહ્યું હતું કે, 'ભારતે પોતાની ગેમ રમવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. તેમણે મજબૂત ડિફેન્સ કર્યું અને કાઉન્ટર-એટેક બનાવ્યા.

## વર્સ્ટાપેનનો એન્ટોનેલીને હરાવી બહરીન ગ્રા પ્રીમાં વિજય

**વર્સ્ટાપેનની** આ વર્ષે એફ-1માં પ્રથમ જીત

**રસેલની** કારમાં ખામી સર્જાતા તે રેસમાંથી બહાર થયો



સેપાંગ (મલેશિયા), તા. 4 (એપી): મેક્સ વર્સ્ટાપેને આ વર્ષની પોતાની પ્રથમ જીત નોંધાવી છે. રેડ બુલ કારમાં કરાયેલા અપગ્રેડ બાદ ચાર વખતના ચેમ્પિયન વર્સ્ટાપેને મલેશિયાના સેપાંગ સર્કિટ ખાતે યોજાયેલી બાહરીન ગ્રા પ્રી પોતાના નામે કરી હતી. રેસ ખતમ થવાને પાંચ લેપ બાકી હતા ત્યારે સેફ્ટી કાર પાછળ બીજા સ્થાને રહેલા મર્સિડીઝના જ્યોર્જ રસેલની કારમાં પાવર યુનિટની સમસ્યા સર્જાતા તે બહાર થઈ ગયો હતો. તેનો સીધો ફાયદો તેની જ ટીમના સાથી ખેલાડી કિમી એન્ટોનેલીને મળ્યો હતો, જેણે બીજું સ્થાન મેળવીને ચેમ્પિયનશિપ પોઈન્ટ્સ ટેબલમાં રસેલ પર 84 પોઈન્ટ્સની મોટી સરસાઈ મેળવી લીધી છે.



## સુરતના તરણવીરો બીજી એશિયન માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લેશે

સુરત, તા. 4: સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હરિયાણા ખાતે યોજાયેલી 22મી નેશનલ માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં સુરત જિલ્લાના 25થી 90 વર્ષના તરણવીરોએ 6 ગોલ્ડ, 5 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલ જીતીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. પુરુષોમાં ભરત નાવિકે 3 સિલ્વર, હરીવદન સેઈલરે 1 સિલ્વર-1 બ્રોન્ઝ, પરેશ સારંગ તથા ઓમ સક્સેનાએ 2-2 બ્રોન્ઝ મેળવ્યા હતા. મહિલાઓમાં બકુલાબેન પટેલ અને શ્રુતિકા કહારે 3-3 ગોલ્ડ, સુચિત્રા સરકારે 3 બ્રોન્ઝ તેમજ ડોલ્ફી સારંગે 1 સિલ્વર અને 1 બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ શાનદાર પ્રદર્શનના આધારે સુરતના આ તરણવીરો હવે બીજી એશિયન માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપ-2026માં ભાગ લેશે. ગુજરાત સ્ટેટ એક્વેટીક એસોસિએશન અને સુરત ડિસ્ટ્રિક્ટ એક્વેટીક એસોસિએશનના હોદ્દેદારોએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રેસ્ટ ઓફ ઈન્ડિયાએ ઈરાની કપ જીત્યો

શ્રીનગર, તા. 4 (પીટીઆઈ): ફાસ્ટ બોલર મુકેશ કુમાર (6/33) અને આકાશદીપ (3/25)ની ઘાતક બોલિંગના દમ પર રેસ્ટ ઓફ ઈન્ડિયાએ રણજી ટ્રોફી ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીરને 167 રને હરાવીને ઈરાની કપ જીતી લીધો છે. 279 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી જે. એન્ડ કે.ની ટીમ આખી ટીમ 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## અલ્કારાઝ જાપાન ઓપનની સેમિમાં

ટોક્યો, તા. 4 (એપી): ટૉક્યો ઑપન ટેનિસ ટૂર્નામેન્ટમાં ટોપ સીડ ખેલાડી કાર્લોસ અલ્કારાઝ સેમિફાઈનલમાં પહોંચી ગયો છે. ક્વૉર્ટર ફાઈનલ મુકાબલા દરમિયાન તેના પ્રતિસ્પર્ધી ડેનિસ શાપોવાલોવને હિપ ઈન્જરી થતાં તેણે મેચ છોડી દીવી હતી, જેના કારણે અલ્કારાઝને વિજેતા જાહેર કરાયો હતો.

મેચ અટકી ત્યારે 82 મિનિટની રમતમાં અલ્કારાઝ 7-6 (4), 2-1થી આગળ ચાલી રહ્યો હતો. પ્રથમ સેટમાં શાપોવાલોવે તેને ભારે સ્પર્ધા આપી હતી, પરંતુ ટાઈબ્રેકમાં અલ્કારાઝે બાજી સંભાળી લીધી હતી.

બીજા સેટની શરૂઆતમાં શાપોવાલોવને ઈન્જરી થતાં તેણે મેડિકલ ટાઈમ-આઉટ લીધો હતો, પરંતુ પીડાને કારણે તે આગળ રમી શક્યો ન હતો.

## આજનું પંચાંગ

**તા. 05/10/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: દસમ: 26:08- દસમનું શ્રાદ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-13
**યોગ :** શિવ **કરણ:** વણિજ
**નક્ષત્ર :** પુષ્ય:- 23:10 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
**રાશિ:** કર્ક (ડ,હ)
**દિવસ :** દસમી શ્રાદ્ધ-
**સુરતમાં સૂર્યોદય :** 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:22
**નવકારસી :** 07:20
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 રબિઉલ આખર માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ,
**રાહુ કાળ :** સવારે: 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઘરના કામની વ્યસ્તતા વધશે. પ્રોપર્ટીને લગતાં કામ પાર પડશે. મન અશાંત રહે. નવા ઘરની યોજના બને.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રવાસ, પર્યટન, દલાલી, ટ્યુશન વગેરેને લગતાં કામ થાય. આત્મવિશ્વાસ વધે તેવા સમાચાર મળે. નવા કામ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** બેંક, માર્કેટીંગ ને લગતાં કામ થાય. સ્વતંત્ર લાભ થાય. વાણી પર સંયમ રાખવો. ભાઈઓનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** નવી જવાબદારીથી આત્મવિશ્વાસ વધશે. ધંધામાં યોજના પાર પડે. નોકરીમાં પદ પ્રાપ્તિ થાય. આવક વધે.

**સિંહ (મ,ટ,):** કામનો બોજ વધશે. વિદેશનાં કામ પાર પડે. બહારનાં કામમાં મદદ મળે. ખર્ચા વધે. વિવાદ ટાળવો.

**કન્યા (પ,ઠ,ણ,):** અચાનક ઈચ્છિત મુલાકાત થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આવક વધે.

**તુલા (ર,ત,):** નોકરીમાં પ્રભાવ વધે. ધંધામાં નવા સોદા- પાર પડે. પ્રોપર્ટીને લગતા કામ પાર પડે. આવક વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પ્રેમમાં સહકાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક વિઘ્નો આવી શકે છે. સહી-સિક્કા બાબતે સાવધાની રાખવી. ખર્ચા વધશે. અચાનક નવી તક મળે.

**મકર (ખ,જ,):** વેપાર-ધંધા રોજના કામમાં આવક વધે. ભાગીદારી જીવન સાથી તેમજ સાથ કામ કરનાર સાથે તાલમેળ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં નવી તક કે પ્રમોશન મળે. સરકારી નોકરીયાતને નવી તક મળે. હરીફોથી સાવધાન રહેવુ.

**મીન (દ,ચ,ઝ,થ,):** બૌદ્ધિક કામમાં સફળતા મળે. મિડીયાને લગતા કામમાં પ્રગતિ થાય. સંતાનોના કામમાં મદદ મળે.

## કોઈ પણ સાલમાં 05 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતી-પડતી રહે. ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવાં વેપાર-ધંધામાં હરીફો સતાવે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સામાજિક કામ, કાયદાકીય અને વારસા, જાયદાદ જમીન બાબતે વડીલોની સલાહ મળે. પ્રેમ વિવાહમાં અનુકૂળતા રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. વિદેશનો કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સ્ત્રી વર્ગને સામાન્ય રહે. ખાસ કરીને ગૃહણીઓની સમસ્યા વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. વડીલો મિત્રો સાથે યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવારે 05, 14, 23 તારીખે નવા કામ કરવો. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, શનિવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. કાળા અને લાલ રંગનો ઉપયોગ ટાળવો. બુધ વારના ઉપાય કરવા.